## મહિલા સાથે અડપલાં કરી ધમકીના કેસમાં ટ્રાયલ કોર્ટનો સજાનો હુકમ યથાવત્

સુરતઃ સાડી ઉપર લેસપટ્ટી લગાવવાનું સિલાઈ કામ કરતી મહિલા બાકી પગાર લેવા ગઈ ત્યારે આરોપી કારખાનેદારે અડપલાં કરી તમાચા મારી ધમકી આપ્યાના કેસમાં ટ્રાયલ કોર્ટે કરેલી સજા સામેની અપીલ સેશન્સ કોર્ટે ફગાવી દઈ ટ્રાયલ કોર્ટનો હુકમ યથાવત્ રાખ્યો હતો. આ કેસની હકીકત મુજબ ખટોદરા પોલીસ સ્ટેશને ભટારના આરોપી સઈદ અહેમદ ઉર્ફે ચાંદ સગીર અહેમદ સૈયદ વિરુદ્ધ થયેલી ફરિયાદમાં ટ્રાયલ કોર્ટમા સુનાવણી પૂર્ણ થયા બાદ કોર્ટે આરોપીને ૬ માસની કેદની સજા તથા રૂ.૧૦,૦૦૦ના દંડનો હુકમ કર્યો હતો. જેની સામે આરોપીએ સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી. આ અપીલના કામે સરકાર પક્ષે એપીપી કે.ડી.ખૈરનારે હાજર રહી ફરિયાદ પક્ષે દલીલ કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે ટ્રાયલ કોર્ટનો સજાનો હુકમ કાયમ રાખ્યો હતો.

# આજે વણલખ્યું શુભમુહૂર્ત અખાત્રીજ, જ્વેલરીના ઓર્ડરોમાં 70%નો ઘટાડો

**મધ્યમ** વર્ગના પરિવારો ખરીદીથી અલિપ્ત

**શુભ મુહૂર્તમાં** બજારમાં મંદીનો માહોલ

સુરતઃ હિન્દુ ધર્મમાં અખાત્રીજ (અક્ષય તૃતીયા) ના પવિત્ર પર્વને વણજોયું મુહૂર્ત ગણવામાં આવે છે, જેમાં સોના-ચાંદીની ખરીદી કરવી અત્યંત શુભ અને સમૃદ્ધિદાયક મનાય છે. જોકે, આ વર્ષે સોનાના ભાવમાં થયેલા તોતિંગ વધારાએ સુરતના જ્વેલરી માર્કેટ અને મધ્યમ વર્ગના ઉત્સાહ પર પાણી ફેરવી દીધું છે.

સામાન્ય રીતે અખાત્રીજના અઠવાડિયા પહેલા જ લોકો પરિવાર માટે ઘરેણાં કે પૂજા માટે સોનાના સિક્કાના ઓર્ડર બુક કરાવી દેતા હોય છે, પરંતુ આ વર્ષે સ્થિતિ તદ્દન ઉલટી જોવા મળી રહી છે. જ્વેલર્સના જણાવ્યા અનુસાર, ગત વર્ષની સરખામણીએ આ વખતે એડવાન્સ બુકિંગ અને ઓર્ડરોમાં 70% જેટલો ધરખમ ઘટાડો નોંધાયો છે. મધ્યમ વર્ગના પરિવારો જેઓ પરંપરાગત રીતે આ દિવસે સોનું ખરીદતા હતા, તેઓ હવે આસમાને પહોંચેલા ભાવને કારણે ખરીદી કરતા અચકાઈ રહ્યા છે, જેના પરિણામે બજારમાં જોઈએ તેવી રોનક જોવા મળી રહી નથી.

### આજે અક્ષયતૃતીયા : શુભ કાર્યો માટે વર્ષનું શુભ મુહૂર્ત

હિંદુ પંચાંગ મુજબ આવતીકાલે વૈશાખ સુદ ત્રીજના પવિત્ર દિવસે અક્ષય તૃતીયા(અખાત્રીજ) નો શુભ તહેવાર ઉજવવામાં આવશે. ધાર્મિક માન્યતાઓ અનુસાર આ દિવસને વર્ષના સૌથી શુભ મુહૂર્તોમાંનો એક માનવામાં આવે છે, જેમાં કોઈપણ સારા કાર્ય માટે અલગથી મુહૂર્ત જોવાની જરૂર પડતી નથી. ધાર્મિક દૃષ્ટિએ આ દિવસે દાન, જપ-તપ, પૂજા અને નવા કાર્યની શરૂઆતને ખૂબ શુભ માનવામાં આવે છે. ઘણા લોકો આ દિવસે ઘર, જમીન, વાહન કે નવા બિઝનેસની શરૂઆત પણ કરે છે. મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના અને અન્નદાન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

### ગત વર્ષ કરતા ભાવમાં જંગી ઉછાળોઃ 10 ગ્રામ સોનાના ભાવ 1.50 લાખને પાર

પાછલા વર્ષોમાં ભાવની વિગતો પર નજર કરીએ તો સોનાના ભાવમાં આવેલો ઉછાળો ચોંકાવનારો છે. સ્થાનિક જ્વેલર જયેશભાઈના જણાવ્યા મુજબ, ગત વર્ષે અખાત્રીજ દરમિયાન 24 કેરેટ સોનાનો 10 ગ્રામનો ભાવ 96,000 હતો, જે ચાલુ વર્ષે વધીને 1,54,000 ના સ્તરે પહોંચી ગયો છે. તેવી જ રીતે, ઘરેણાં બનાવવા માટે સૌથી વધુ વપરાતા 22 કેરેટ સોનાનો ભાવ પણ 1,41,000 સુધી પહોંચ્યો છે. મોટાભાગના ગ્રાહકો 22 કેરેટ અને 18 કેરેટની જ્વેલરી પસંદ કરતા હોય છે, પરંતુ એક વર્ષમાં ભાવમાં થયેલો આ અસહ્ય વધારો મધ્યમ વર્ગના બજેટની બહાર હોવાથી લોકોએ સોનાની ખરીદીથી અંતર જાળવ્યું છે.

# લિંબાયતમાં ભાજપ-કોંગ્રેસ દ્વારા સામસામે 'જય શ્રી રામ'ના નારા

**કોંગ્રેસી** ઉમેદવારો મદનપુરની સોસા.માં પ્રચાર કરી રહ્યા હતા ત્યારે ભાજપના કાર્યકરોએ આવીને નારા લગાડ્યા

**સામે** કોંગ્રેસના ઉમેદવારો દ્વારા પણ માઈક પર 'જય શ્રી રામ'ના નારા લગાડવામાં આવતાં માહોલ ગરમ



સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણીના પ્રચારમાં લિંબાયત વિસ્તારમાં ગત રાત્રિએ ભારે હાઈ વોલ્ટેજ ડ્રામા થયો હતો. લિંબાયતના મદનપુર વિસ્તારની એક સોસાયટીમાં જ્યારે કોંગ્રેસના ઉમેદવારો જનસંપર્ક અને પ્રચાર અભિયાન ચલાવી રહ્યા હતા, ત્યારે ભાજપના કાર્યકરો અચાનક ત્યાં ધસી આવ્યા હતા. કોંગ્રેસી ઉમેદવારો મતદારો સમક્ષ સ્થાનિક પ્રશ્નો અને સત્તાધારી પક્ષની નિષ્ફળતાઓ રજૂ કરી રહ્યા હતા, જે દરમિયાન ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઉગ્ર શાબ્દિક ટકરાવ થયો હતો.

વાતાવરણ ત્યારે વધુ તંગ બન્યું જ્યારે ભાજપના કાર્યકરોએ કોંગ્રેસનો વિરોધ કરવા માટે 'જય શ્રી રામ'ના નારા લગાવવાનું શરૂ કર્યું હતું. જોકે, કોંગ્રેસી ઉમેદવારોએ પણ નમતું જોખવાને બદલે માઈક પર જ જોર-શોરથી 'જય શ્રી રામ'ના નારા લગાવી ભાજપને વળતો જવાબ આપતા આખી ઘટના હાઈવોલ્ટેજ ડ્રામામાં ફેરવાઈ ગઈ હતી. બંને પક્ષો વચ્ચેના આ રાજકીય સૂત્રોચ્ચાર અને હંગામાને કારણે સોસાયટીના રહીશો પણ સ્તબ્ધ થઈ ગયા હતા અને વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો.

### ભાજપના ઉમેદવારો નાનાં ભૂલકાંનો પ્રચાર માટે ઉપયોગ કરતાં હોવાના આક્ષેપો

આ રાજકીય ખેંચતાણની વચ્ચે એક નવો વિવાદ પણ વકર્યો છે, જેમાં ભાજપના ઉમેદવારો દ્વારા નાના ભૂલકાઓનો પ્રચાર માટે ઉપયોગ કરવામાં આવ્યો હોવાના ગંભીર આક્ષેપો થયા છે. મદનપુરમાં પ્રચાર દરમિયાન ભાજપના કાર્યકરો નાના બાળકોને પક્ષનો ખેસ પહેરાવીને રેલીમાં સાથે લઈ જતા જોવા મળ્યા હતા. હાલ શાળાઓમાં વેકેશનનો માહોલ હોવાથી બાળકોને રાજકીય પ્રચારના સાધન તરીકે જોતરી દેવાની આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ભારે વિરોધ ફાટી નીકળ્યો છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે ભાજપ પાસે જનતાના પાયાના સવાલોના કોઈ જવાબ નથી, તેથી તેઓ ધાર્મિક નારાઓ પાછળ છુપાઈ રહ્યા છે અને નિર્દોષ બાળકોનો રાજકીય ઉપયોગ કરી રહ્યા છે. બીજી તરફ, ભાજપના કાર્યકરોએ કોંગ્રેસની બેઠકમાં ખલેલ પહોંચાડ્યાના આક્ષેપોને નકારી કાઢ્યા છે, પરંતુ આ સમગ્ર ઘટનાએ લિંબાયતના રાજકીય વાતાવરણમાં ગરમાવો લાવી દીધો છે.

### લિંબાયતમાં ભાજપના કાર્યકર્તાઓને સવાલ, સોસાયટીની બહાર દારૂના અડ્ડા છે તેનું શું?

શહેરના લીંબાયત વિસ્તારમાં મદનપુર ખાતે આવેલી સોસાયટીમાં કોંગ્રેસના ઉમેદવારો અને કાર્યકર્તાઓ ચૂંટણી પ્રચાર માટે પહોંચ્યા હતા. ત્યારે અચાનક જ ભાજપના અન્ય કાર્યકરો નાના બાળકોને ભાજપનો ખેસ પહેરાવી ત્યાં આવી ગયા હતા અને કોંગ્રેસના ચૂંટણી પ્રચારમાં અડચણ ઉભી કરી હતી. આ સમયે સ્થાનિક લોકો સાથે કોંગ્રેસના કાર્યકર્તાઓએ ભાજપના ઉમેદવારોને સોસાયટીની બહાર દારૂના અડ્ડા ધમધમે છે તેનું શું? તેવો સવાલ કરતાંની સાથે જ ભાજપના કાર્યકર્તાઓએ જય શ્રી રામ ના નારા લગાવી મુદ્દો ભટકાવ્યો હતો. સ્થાનિક લોકોએ આ સિવાય ઘણા સવાલો કર્યા હતા પરંતુ તેનો જવાબ આપવાના બદલે બાળકોને આગળ કરી માત્ર જય શ્રી રામ ના નારા લગાવી કામમાં અડચણ ઉભી કરી હતી.

# મગદલ્લામાં ભાજપના મહિલા ઉમેદવારને પતિને ઘેરી સવાલોનો મારો

**લોકોએ** ગામની વર્ષોજૂની સમસ્યાઓ મુદ્દે આકરા સવાલો કર્યા, ઉમેદવારોએ ત્યાંથી જતા રહેવું પડ્યું

સુરતઃ વરાછા અને અડાજણ બાદ હવે વોર્ડ નં. 22 (ભટાર-વેસુ-ડુમસ)માં મગદલ્લા ગામમાં પણ ભાજપના ઉમેદવારોને જનતાના ભારે રોષનો સામનો કરવો પડ્યો છે. ગત રોજ જ્યારે ભાજપની ટીમ ડોર-ટુ-ડોર પ્રચાર માટે મગદલ્લા પહોંચી ત્યારે ગ્રામજનોએ એકઠા થઈને વિકાસના કામોનો હિસાબ માંગવાનું શરૂ કર્યું હતું.

આ દરમિયાન લોકોએ ભાજપના મહિલા ઉમેદવારના પતિને ઘેરી લીધા હતા અને ગામની વર્ષો જૂની સમસ્યાઓ મુદ્દે આકરા સવાલો કર્યા હતા. સ્થાનિકોનો આક્રોશ એટલો હતો કે ઉમેદવારના પતિ અને અન્ય કાર્યકરો પાસે કોઈ નક્કર જવાબ નહોતો, જેના કારણે વાતાવરણ તંગ બની ગયું હતું. લોકોના મિજાજને જોઈને અંતે પ્રચાર પડતો મૂકીને ભાજપના ઉમેદવારોએ ત્યાંથી રવાના થઈ જવું પડ્યું હતું. મગદલ્લામાં બનેલી આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયુવેગે વાયરલ થયો છે, જેમાં સ્થાનિકો પાયાની સુવિધાઓના અભાવે નેતાઓને ખખડાવતા નજરે પડે છે. પાંચ વર્ષ સુધી ડોકિયું ન કરનારા નેતાઓ હવે મતો માટે ગામમાં આવતા હોવાનો આક્ષેપ રહીશોએ કર્યો હતો.

# અડાજણની પઢીયા શેરીમાં 'ચૂંટણીનો કડક બહિષ્કાર'નાં બેનર લાગ્યાં

**ડ્રેનેજ** કામમાં ભ્રષ્ટાચારની સ્થાનિકોની રજૂઆત પર ધ્યાન અપાયું નથી, ફોટો સોશિયલ મીડિયામાં વાયરલ થયા




સુરતઃ ભારતીય જનતા પાર્ટીના મજબૂત ગઢ ગણાતા અડાજણ વિસ્તારમાં સ્થાનિકોએ હવે નેતાઓ સામે બાંયો ચઢાવી છે. પક્ષના અગ્રણી નેતાઓ અને મંત્રીઓની હાજરી હોવા છતાં, અડાજણના મધુવન સર્કલ પાસે આવેલી પઢીયા સ્ટ્રીટ જેવા કેટલાક આંતરિક વિસ્તારોમાં વિકાસનો વાયરો વાયો ન હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે.

સ્થાનિક રહીશો દ્વારા લાંબા સમયથી પાકા રસ્તા, ડ્રેનેજ સિસ્ટમ અને યોગ્ય સ્ટ્રીટ લાઈટ જેવી પ્રાથમિક સુવિધાઓની માંગ કરવામાં આવી રહી છે, પરંતુ કોઈ નક્કર ઉકેલ આવ્યો નથી. આ જનતાની નારાજગી હવે સપાટી પર આવી છે. આ સ્ટ્રીટમાં ''ચુંટણીનો કડક બહિષ્કાર''દર્શાવતું લાલ રંગનું મોટું બેનર લગાવ્યું છે. આ બેનરમાં સ્પષ્ટપણે લખવામાં આવ્યું છે કે, ''અમારી માંગણીઓ પુર્ણ ન થતા અમે મતદાન કરી શકતા નથી. અમારા હકો માટે અમે સૌ મતદાનનો બહિષ્કાર કરીએ છીએ.''આ વિસ્તારમાં ભૂતકાળમાં ડ્રેનેજના કામમાં ભ્રષ્ટાચાર અને કામગીરીની નબળી ગુણવત્તાને લઈને સ્થાનિકોએ રજૂઆતો કરી હતી. તેમ છતાં, પાંચ વર્ષ સુધી નેતાઓ દ્વારા કોઈ ધ્યાન આપવામાં ન આવતા લોકો હવે આક્રમક મૂડમાં છે. આ બેનરના વીડિયો અને ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થવા પામ્યા હતા, જેના કારણે રાજકીય માહોલ વધુ ગરમાયો છે.



## સુરત મહાનગરપાલિકા ચૂંટણી સંગ્રામ-2026



### વોર્ડ નંબર 19 (આંજણા-ડુંભાલ)

# ટ્રાફિક, સફાઇ, રખડતાં ઢોરની સમસ્યાથી વોર્ડની પ્રજા પરેશાન

આંજણા અને ડુંભાલને આવરી લેતો આ વોર્ડ નંબર 19 ભૌગોલિક રીતે ઔદ્યોગિક અને રહેણાંક એમ બંને પ્રકારના વિસ્તારોનું મિશ્રણ ધરાવે છે. આ વિસ્તારમાં જનસંખ્યાની ગીચતા ખૂબ જ વધારે છે અને મુખ્યત્વે શ્રમિક વર્ગના લોકો અહીં વસવાટ કરે છે. 2021ની મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ ખેલાયો હતો. આ જંગમાં ભાજપે પોતાની પકડ મજબૂત બનાવી વિજય મેળવ્યો હતો. ટેક્સટાઈલ માર્કેટની નજીક હોવાથી આ વોર્ડનું આર્થિક મહત્વ પણ ઘણું છે. વર્ષ 2021માં અહીંથી ભાજપના ઉમેદવારો જંગી બહુમતીથી વિજયી થયા હતા, અગાઉ અહી કુલ 1,01,729 મતદારો અને 98 બુથ હતા પરંતુ એસઆરઆઇ બાદ નવી મતદારયાદીમાં આ વોર્ડમાં 74,560 મતદારો રહ્યા છે અને બુથની સંખ્યા 82 છે. વર્ષ 2021માં અહીથી ભાજપના રમીલા પટેલ, લતા રાણા, નાગર પટેલ, વિજય ચૌમાલ જીત્યા હતા. જયારે બીજા નંબરે અહી કોંગ્રેસ રહ્યું હતું. ભાજપના ચારેય ઉમેદવારો મળીને કુલ 1,06,436 મતો મળ્યા હતા. જયારે કોંગ્રેસને 70,048 મતો મળ્યા હતા. આમ બન્ને વચ્ચે 36,388 મતોનું અંતર હતું

### જાતિગત સમીકરણ

- વોર્ડ નં.19માં જ્ઞાતિગત માળખું ખૂબ જ વિવિધતાસભર છે. અહીં પરપ્રાંતીય અને સ્થાનિક લોકોનું સંતુલિત પ્રમાણ જોવા મળે છે.
- **હિન્દી ભાષી મતદારોઃ** આંજણા અને આસપાસના વિસ્તારોમાં ઉત્તર પ્રદેશ, બિહાર અને રાજસ્થાનથી આવેલા શ્રમિકોની સંખ્યા વિશેષ છે, જેઓ ટેક્સટાઇલ અને ડાઈંગ પ્રોસેસિંગ હાઉસ સાથે જોડાયેલા છે.
- **લઘુમતી મતોઃ** આ વોર્ડના અમુક ચોક્કસ પોકેટમાં લઘુમતી સમુદાયની પણ નોંધપાત્ર વસતી છે, જે ચૂંટણી વખતે મતોના ધ્રુવીકરણમાં મહત્વનો ભાગ ભજવે છે.
- **સૌરાષ્ટ્રવાસી અને અન્ય જ્ઞાતિઓઃ** ડુંભાલ અને તેની આસપાસની સોસાયટીઓમાં સૌરાષ્ટ્રના લોકો તેમજ અન્ય પછાત વર્ગના પરિવારો વસેલા છે.
- **વેપારી વર્ગઃ** આ વોર્ડમાં આવેલી અસંખ્ય ટેક્સટાઇલ માર્કેટોને કારણે વેપારી મતદારોનો પ્રભાવ પણ હાર-જીત પર રહે છે.

### આ વિસ્તારની મુખ્ય સમસ્યાઓ

આ વોર્ડમાં સૌથી મોટો પ્રશ્ન ટ્રાફિક અને માર્કેટ વિસ્તારની ભીડનો છે. ખાસ કરીને રિંગ રોડની નજીક હોવાથી પીક અવર્સમાં ટ્રાફિક જામની સમસ્યા રોજની બની ગઈ છે. આંજણા ખાડીની આસપાસના વિસ્તારોમાં ચોમાસામાં પાણી ભરાવા અને ગંદકીના પ્રશ્નો છે. ડુંભાલ વિસ્તારમાં રસ્તાઓની હાલત અને સફાઈના પ્રશ્નો મુખ્ય છે. રિંગ રોડ અને આસપાસના વિસ્તારોમાં પાર્કિંગની ભારે અછત છે. ઉપરાંત, ગંદા પાણીના નિકાલ માટેની જૂની ડ્રેનેજ લાઈનો અને રખડતાં ઢોરની સમસ્યાથી સ્થાનિક રહીશો સતત પરેશાની ભોગવી રહ્યા છે.

### પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

પુરુષ મતદારોઃ 38,865
સ્ત્રી મતદારોઃ 35,695
કુલ મતદારોઃ 74,560

### ભૌગોલિક સ્થિતિ

સહારા દરવાજાથી ડુંભાલ ટેનામેન્ટ, આંજણા ફાર્મ, મોડલ ટાઉનનો કેટલોક ભાગ અને રિંગ રોડની અડીને આવેલી ટેક્સટાઇલ માર્કેટોનો વિસ્તાર. આ વોર્ડમાં હનુમાન નગર, આંજણા ગામતળ, ડુંભાલ ગામ અને ખરવર નગરના ભાગોનો સમાવેશ થાય છે. આ વોર્ડની સીમાઓ એક તરફ લિંબાયત અને બીજી તરફ ઉધના દરવાજા સુધી વિસ્તરેલી છે.




# વરાછામાં પાટીદાર નેતા અલ્પેશ કથીરિયાનો ઉધડો લેવાયો, મહિલાઓએ પ્રશ્નો પૂછ્યા

**જ્યાં** 10 વર્ષથી ભાજપ ઘૂસ્યું નથી તેવા સોસા.માં ઘૂસતાં જ મહિલાઓએ ઘેરાબંદી કરી

**કથિરીયાએ** વિનંતી કરવી પડી કે વિડીયો ના ઉતારો પણ લોકોએ ધરાર વિડીયો ઉતારીને વાયરલ કર્યો

સુરતઃ વરાછામાં ભાજપના પ્રચારમાં જોડાયેલા પાટીદાર નેતા અલ્પેશ કથીરિયાની હાજરીમાં જ લોકોએ નેતાઓનો ઉધડો લીધો હતો. જે સોસાયટીઓમાં છેલ્લા 10 વર્ષથી ભાજપ પ્રવેશી શક્યું નથી, ત્યાં પ્રચાર કરવા જતાં મહિલાઓએ પણ મક્કમતાથી પ્રશ્નો પૂછીને નેતાઓની ઘેરાબંધી કરી હતી. જ્યારે ઉમેદવારો દ્વારા ગોળ-ગોળ જવાબો આપીને મામલો થાળે પાડવાનો પ્રયાસ કરાયો, ત્યારે લોકોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો હતો.

આ સમયે અલ્પેશ કથીરિયાએ પરિસ્થિતિ સંભાળવા અને પક્ષની છબી બચાવવા માટે લોકોને વીડિયો ન ઉતારવા માટે વિનંતી કરવી પડી હતી. તેમણે રહેવાસીઓને જણાવ્યું હતું કે, તમે વીડિયો ઉતાર્યા વગર પણ તમારી રજૂઆત કરી શકો છો, પરંતુ આક્રોશિત જનતા કોઈ પણ બાંધછોડ કરવાના મૂડમાં જણાતી નહોતી.

### વરાછામાં ભાજપના ઉમેદવારોનો ફિયાસ્કોઃ પ્રાથમિક સુવિધાઓ મુદ્દે સ્થાનિકોએ ઉમેદવારોને આડે હાથ લીધા

**પ્રાથમિક** સુવિધાઓ આપવાને બદલે માત્ર વાતો જ કરવામાં આવે છેના આક્ષેપો



સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણીનો જંગ જામ્યો છે ત્યારે વરાછા વિસ્તારમાં પક્ષના ઉમેદવારોને ભારે જનઆક્રોશનો સામનો કરવો પડી રહ્યો છે. વોર્ડ નં. 3 (વરાછા-સરથાણા-સીમાડા-લસકાણા) માં જ્યારે ભાજપના ઉમેદવારો ડોર-ટુ-ડોર પ્રચાર માટે નીકળ્યા, ત્યારે મતદારોએ તેમને ફૂલહાર પહેરાવી સ્વાગત તો કર્યું, પણ ત્યારબાદ પ્રશ્નોનો એવો મારો ચલાવ્યો કે નેતાઓ નિરુત્તર થઈ ગયા હતા. સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે, રસ્તા, ગટર અને સરકારી શાળાઓ જેવી પાયાની સુવિધાઓ આપવાને બદલે માત્ર વાતો જ કરવામાં આવે છે. આ વિસ્તારમાં વર્ષોથી પ્રાથમિક સુવિધાઓની સમસ્યા ઠેરની ઠેર હોવાથી લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. પરિસ્થિતિ એટલી હદે વણસી હતી કે, યોગ્ય જવાબ ન આપી શકતા ઉમેદવારોએ ત્યાંથી ચાલતી પકડવી પડી હતી.

### વોર્ડ નંબર 20 (ખટોદરા-મજુરા-સગરામપુરા)

# ભાજપનો મજબૂત મનાતો ગઢ પણ આંતરિક ગજગ્રાહ વધારે

ખટોદરા, મજુરા અને સગરામપુરાને આવરી લેતો આ વોર્ડ સુરતના 'સેન્ટ્રલ ઝોન' અને 'અઠવા ઝોન' અને ઉધના ઝોનની સરહદોને સ્પર્શે છે. આ વોર્ડમાં જૂના સુરતની પરંપરાગત વસાહતો અને નવા વિકસિત વ્યાપારી વિસ્તારોનું મિશ્રણ જોવા મળે છે. વસ્તીની દૃષ્ટિએ અહીં મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગના મતદારોની સંખ્યા વધુ છે. રાજકીય રીતે આ વોર્ડ દાયકાઓથી ભાજપનો અજેય ગઢ રહ્યો છે. વર્ષ 2021ની ચૂંટણીમાં અહીં ભાજપની પેનલનો વિજય થયો હતો, જ્યારે કોંગ્રેસ બીજા ક્રમે અને આમ આદમી પાર્ટી ત્રીજા ક્રમે રહી હતી. ભાજપના ઉમેદવારોએ અહીં વિરોધ પક્ષો કરતા મતોનું મોટું અંતર જાળવી રાખીને પોતાની પકડ સાબિત કરી હતી. અગાઉ અહી કુલ 1,12,690 અને 110 બુથ હતા જો કે એસઆઈઆર બાદ નવી મતદારયાદીમાં આ વોર્ડમાં 82,506 મતદારો રહ્યા છે અને બુથની સંખ્યા 88 છે. વર્ષ 2021માં અહીથી ભાજપના ઉષા પટેલ,ભારતી વાઘેલા, સ્વ. જયેશ જરીવાલા અને દિપન દેસાઈ જીત્યા હતા. જયારે બીજા નંબરે કોંગ્રેસ રહ્યું હતું. ભાજપના ચારેય ઉમેદવારો મળીને કુલ 94,707 મતો મળ્યા હતા. જયારે કોંગ્રેસને 53,105 મતો મળ્યા હતા. આમ બન્ને વચ્ચે 41,602 મતોનું અંતર હતું. સ્વ જયેશ જરીવાલાના અવસાન બાદ પેટા ચુંટણીમાં પણ ભાજપના ઉમેદવાર રાજેશ રાણા જીત્યા હતા.

### જાતિગત સમીકરણ

- વોર્ડ નં. 20 માં જ્ઞાતિગત સમીકરણો અને વ્યવસાયિક વર્ગ પરિણામોમાં મહત્વની ભૂમિકા ભજવે છે. અહીંના જાગૃત મતદારો મોટાભાગે વિકાસના મુદ્દે મતદાન કરે છે.
- શિક્ષિત મધ્યમ વર્ગ અને જૈન-વાણિયા સમુદાયઃ મજુરા અને સગરામપુરાના વિસ્તારોમાં જૈન, વાણિયા અને બ્રાહ્મણ જ્ઞાતિના શિક્ષિત પરિવારો મોટી સંખ્યામાં છે, જેઓ પરંપરાગત રીતે ભાજપની મજબૂત વોટબેંક ગણાય છે.
- લઘુમતી મતોઃ સગરામપુરા અને તેની આસપાસના ચોક્કસ પોકેટ્સમાં લઘુમતી સમુદાયના મતદારો છે, જેમના મતો કોંગ્રેસ અને અન્ય પક્ષો વચ્ચે વહેંચાય છે.
- ઔદ્યોગિક અને શ્રમિક વર્ગઃ ખટોદરા જી.આઈ.ડી.સી.ની નજીક હોવાને કારણે અહીં રત્નકલાકારો અને નાના કારખાનાઓમાં કામ કરતા શ્રમિકોની વસ્તી પણ નોંધપાત્ર છે.
- સરકારી કર્મચારીઓ અને વ્યાવસાયિકોઃ આ વોર્ડમાં આવેલી સરકારી વસાહતો અને હોસ્પિટલોને કારણે કર્મચારી વર્ગ અને ડોક્ટરો જેવા પ્રોફેશનલ્સનો પણ અહીં મોટો વસવાટ છે.

### રાજકીય સ્થિતિ અને મુખ્ય સમસ્યાઓ

વોર્ડ નં. 20 ભાજપ માટે સલામત બેઠક માનવામાં આવે છે, પરંતુ સ્થાનિક સ્તરે કેટલીક સમસ્યાઓ શાસકો માટે પડકારરૂપ છે. મજુરા અને સગરામપુરાના સાંકડા રસ્તાઓ પર ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યા સૌથી વધુ છે. ખટોદરા વિસ્તારમાં આવેલી ઇન્ડસ્ટ્રીઝને કારણે ભારે વાહનોની અવરજવર અને પ્રદૂષણના પ્રશ્નો વારંવાર ઉઠે છે. જૂના સગરામપુરામાં ડ્રેનેજ લાઈનો ઉભરાવાની અને પીવાના પાણીના ઓછા પ્રેશરની ફરિયાદો રહે છે. કોટ વિસ્તારની અંદર આવેલી જૂની મિલકતોના રિ-ડેવલપમેન્ટને લગતા નિયમો અને મેટ્રોની કામગીરીને લીધે ખોદાયેલા રસ્તાઓ પ્રજામાં નારાજગીનું કારણ બની શકે તેમ છે.

### પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

પુરુષ મતદારોઃ 42,090
સ્ત્રી મતદારોઃ 40,414
કુલ મતદારોઃ 82,506

### ભૌગોલિક સ્થિતિ

રિંગ રોડ પર મજુરાગેટથી શરૂ કરીને સગરામપુરા, કૈલાશ નગર, ખટોદરા ઉદ્યોગનગર અને મજુરા ગામના વિસ્તારો. આ વોર્ડમાં સિવિલ હોસ્પિટલની આસપાસનો વિસ્તાર, સગરામપુરા પુતલી, ખટોદરા ખાડીની અડીને આવેલી સોસાયટીઓ અને અઠવા લાઇન્સના કેટલાક ભાગોનો સમાવેશ થાય છે. આ વોર્ડની સીમાઓ એક તરફ માનદરવાજા અને બીજી તરફ અઠવાગેટ તેમજ ઉધના દરવાજા સુધી વિસ્તરેલી છે.

